BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ બ્રેમ્પટન મેયરના COVID-19 ઈકોનોમિક સપોર્ટ એન્ડ રિકવરી એન્ડ સોશ્યલ સપોર્ટ ટાસ્ક ફોર્સિસ (COVID-19 Economic Support and Recovery and Social Support Task Forces) ની જાહેરાત કરે છે

બ્રેમ્પટન, ઓન્ટારિયો (17 માર્ચ 2020) – બ્રેમ્પટન કાઉન્સિલ શહેરમાં COVID-19ની પરિસ્થિતિઓને નિયંત્રિત કરવા માટે નોંધપાત્ર પગલાં લઈ રહ્યા છે. આજે સિટી ઓફ બ્રેમ્પટને સ્થાનિક અર્થતંત્ર અને નબળા સમુદાયોને ટેકો આપવા માટે બે વિશિષ્ટ ટાસ્ક ફોર્સની જાહેરાત કરી: મેયરનો COVID-19 ઈકોનોમિક સપોર્ટ એન્ડ રિકવરી ટાસ્ક ફોર્સ અને મેયરનો COVID-19 સોશ્યલ સપોર્ટ ટાસ્ક ફોર્સ.

આ બે જૂથો સિટી ઓફ બ્રેમ્પટન ઈમર્જન્સી ઓપરેશન્સ સેંટર અને સિટી સ્ટાફ સાથે નજીકથી અસરદાર જવાબી કાર્યવાહીઓના સંકલન હેતુસર કાર્ય કરશે.

**COVID-19 ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ**

માઈકલ પેલેશી, રીજનલ કાઉન્સિલર વૉર્ડ 2 અને 6 અને પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર વૉર્ડ 1 અને 5 આ જૂથના સહ પ્રમુખ પદે કાર્ય કરશે. તેઓ બ્રેમ્પટનમાં વ્યવસાયિક રાહત પ્રયત્નોને ટેકો આપવા માટે ભલામણો અને પગલાંના સંકલન માટે જવાબદાર રહેશે.

કાઉન્સિલ ડાઉનટાઉન BIA અને બ્રેમ્પટન બોર્ડ ઓફ ટ્રેડ સહિત સ્થાનિક હિતધારકો સાથે આ પ્રયત્નો પર કામ કરશે.

**મેયરનો COVID-19 સોશ્યલ સપોર્ટ ટાસ્ક ફોર્સ**

માઈકલ પેલેશી, રોવેના સાન્તોસ (Rowena Santos) રીજનલ કાઉન્સિલર વૉર્ડ 1& 5 અને જેફ બોમેન (Jeff Bowman), રીજનલ કાઉન્સિલર વૉર્ડ 3 અને 4 આ જૂથના સહ પ્રમુખ પદે કાર્ય કરશે. આ ટાસ્ક ફોર્સ બ્રેમ્પટનના સંવેદનશીલ સમુદાયો માટે જરૂરી સામાજિક ટેકો પૂરા પાડવા માટે ભલામણો અને ઘરવિહોણા અને ખોરાકની સુરક્ષા માટેના પ્રતિસાદનું સંકલન કરશે.

સિટીની સેવાઓ અને બંધ રહેલ સવલતો અને પ્રોગ્રામિંગ વિશે બિલકુલ તાજેતરના અપડેટ્સ અને વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) માટે અહીં www.brampton.ca/covid19ની મુલાકાત લેવા વિનંતી છે.

પીલ પબ્લિક હેલ્થ પરથી અદ્યતન માહિતી માટે મુલાકાત લો: www.peelregion.ca/coronavirus.

**અવતરણ**

"હાલમાં જ્યારે બ્રૅમ્પટનવાસીઓ અને કર્મચારીઓની સુરક્ષિત રાખવા સિટી હૉલ બંધ છે ત્યારે કાઉન્સિલે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું છે જેથી અમે સ્થાનિક અર્થતંત્ર અને નબળા સમુદાયોને ટેકો આપવા માટે ખાતરીપૂર્વક સહયોગ આપી શકીએ. અમારા હિતધારકો સાથે મળીને અ COVID-19નો પ્રભાવ ઓછામાં ઓછો રહે તે માટે પ્રતિબદ્ધ છીએ."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca